40

Office of the
Chief Engineer
(Mechanical)
G. W. S. & S. B.
Gandhinagar
Inward No. ૩૬૫૨
Date ૨૭/૮/૯૯
CE
Ex. Engr. ૬/૨૧/૮
Dy.Ex.Engr.
Branch

(2)

68

(પ૨૨)

નં.આર.ડબલ્યુ.એસ./૧૪૯૯/૧૧૮૯/ખ.૩,
નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૭/૮/૯૯.

પ્રતિ,
સભ્ય સચિવશ્રી,
ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,
ગાંધીનગર.

વિષય :– હેન્ડપંપની મરામત અને નિભાવણી માટે અનુસરવાની પધ્ધતિ બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અંગે જણાવવાનું કે રાજયના હેન્ડપંપની મરામત અને નિભાવણી માટે કોઈ સુનિશ્ચિત આયોજન/ પથરેખા નક્કી થયેલ ન હોવાથી ઉનાળામાં હેન્ડપંપ બંધ હોવાની અવારનવાર રજુઆતો મળે છે. રાજયના કુલ હેન્ડપંપ પૈકી કેટલા હેન્ડપંપ કાર્યરત છે, દરેક હેન્ડપંપ માટે કેટલો ખર્ચ થાય છે, કયા વિસ્તારમાં હેન્ડપંપ વારંવાર રીપેરમાં રહે છે, કયા વિસ્તારમાં હેન્ડપંપની મરામત અને નિભાવણીનું ખર્ચ વધુ આવે છે. કયા વિસ્તારમાં હેન્ડપંપની રીપેરીંગ કામગીરી સમયસર થતી નથી, વગેરે વિગતો એકી સાથે ચોકસાઈથી પ્રાપ્ત થતી નથી આથી હેન્ડપંપની મરામત અને નિભાવણી માટેની હાલની પધ્ધતિમાં ફેરફાર કરી નીચે મુજબની પધ્ધતિ અપનાવવા આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે.

❖ રાજયમાં હયાત તમામ હેન્ડપંપને કાયમી કોડ નંબર આપવો. આ કોડ નંબરમાં જીલ્લો/ તાલુકો/ ગામ/ ફળીયુ વગેરે માહિતી મળી રહે તે રીતે કાયમી કોડ નંબર આપવો. હેન્ડપંપ પર નંબર કાયમી રહે તે માટે ''કોપર સલ્ફેટ''નો ઉપયોગ કરી કોડ નંબર આપવો. હેન્ડપંપનું કોડીંગ ડિસેમ્બર–૯૯ પહેલા પુરૂ કરવાનું રહેશે.
❖ હેન્ડપંપ કઈ મેઈક (MAKE)નો છે અને બોરમાં કેટલા પાઈપ/ મટીરીયલનો ઉપયોગ થયેલ છે વગેરે તમામ માહિતી સાંકળી કોમ્પ્યુટરાઈઝડ કરવાની રહેશે.
❖ દર વર્ષે ઓકટોબર થી ડિસેમ્બર દરમ્યાન ''વાર્ષિક કરાર'' દ્વારા રાજયના તમામ હેન્ડપંપનું ઓવરહોલીંગ કરવું. જેથી હેન્ડપંપ લાંબો સમય કાર્યરત રહે.
❖ જાન્યુઆરીથી માર્ચ દરમ્યાન, એપ્રિલથી જુન દરમ્યાન અને જુલાઈ થી સપ્ટેમ્બર દરમ્યાન હેન્ડપંપ રીપેરીંગનો બીજો ભાગ રહેશે.
❖ સૌરાષ્ટ્ર માં મોટે ભાગે તાલુકાના ગામોની સંખ્યા ૬૦ થી ૯૦ વચ્ચેની છે તે જોતા આ વિસ્તારના હેન્ડપંપની મરામત/ નિભાવણી માટે તાલુકાવાર કોન્ટ્રાકટ આપવા. દરેક તાલુકાના ગામોમાં દર માસે એક વખત તમામ હેન્ડપંપ નિયત કરેલ દિવસોમાં તપાસણી કરવાનું ધોરણ કોન્ટ્રાકટમાં રાખવુ. જયારે સૌરાષ્ટ્રના જીલ્લાઓમાં એપ્રિલ થી જુન મહિના દરમ્યાન બે વખત હેન્ડપંપની તપાસણી કરવાનું ધોરણ કોન્ટ્રાકટમાં રાખવુ.
❖ હેન્ડપંપના ઈન્સ્પેકશન માટે જતા અગાઉ જે તે ગ્રામ પંચાયતને અગાઉથી જાણ કરવાની પ્રથા અમલમાં મુકવી.
❖ હેન્ડપંપનાં ઈન્સ્પેકશન માટે જીપને બદલે એક યા બે મોટર સાયકલનો ઉપયોગ કરવાનું રાખવુ.

OFFICE OF M.S.
G. W. S. & S. B.
Inward No. ૪૨૭૬
Date ૨૦/૮

* હેન્ડપંપના ''મેજર રીપેરીંગ કે ફોલ્ટ'' માટે કોન્ટ્રાકટરને ''કામગીરીનું શીડયુલ'' આપવાની પ્રથા રાખવી.
* જે ગામે ત્રણ કરતા વધુ હેન્ડપંપ કાર્યરત હોય અને તે પૈકી એક હેન્ડપંપ બગડે તો તેની મરામત ક્રમ પ્રમાણે કરવી. અને જે ગામે ત્રણ કરતા ઓછા હેન્ડપંપ કાર્યરત હોય તે પૈકી એક હેન્ડપંપ બગડે તો તેને અગ્રીમતાના ધોરણે રીપેર કરવાનો રહેશે.
* પાણી પુરવઠા બોર્ડે દરેક ગામ માટે હેન્ડપંપની રીપેરીંગની અગ્રીમતા નકકી કરી અને તે માટે "બોનસ'' અને ''પેનલ્ટી''ની જોગવાઈ રાખવી. જેથી સમયસરના રીપેરીંગ માટે કોન્ટ્રાકટરને બોનસ મળે અને સમયસર ન થવા પામેલ કામ માટે પેનલ્ટી પણ થઈ શકે.
* હેન્ડપંપ રીપેરીંગનુ સમયાંતરે ''રેન્ડમ'' ચેકીંગ કરવુ. જો કામગીરી ખામીભરી માલુમ પડે અથવા જરૂરીયાત પ્રમાણેની કામગીરી કરેલ ન હોય તો તેના ચુકવણામાં તે પ્રમાણે ટકાવારી ઘટાડવી.
* ગ્રામ્ય વિસ્તારના ભાઈઓ અને બહેનોને એન.જી.ઓ. મારફતે તાલીમ આપી હેન્ડપંપ રીપેર કરવા પ્રોત્સાહીત કરવા. કોન્ટ્રાકટરને સમયસર ચુકવણુ થાય તે માટે થર્ડ પાર્ટી એન.જી.ઓ. મારફતે સર્વે કરાવી રીપોર્ટ મેળવવો.
* હેન્ડપંપ રીપેરીંગ માટે સરપંચશ્રીની તાલુકા કક્ષાએ મીટીંગ રાખવી. અને રીપેરીંગ અંગેની સમજ આપવી. અને ટીમની વીઝીટ વખતે કાર્ડ પર સહી લેવા અંગેનું મહત્વ સમજાવવુ.
* ૩૨ મી.મી.ની જી.આઈ.પાઈપ પર ''જી.ડબલ્યુ.એસ.એસ.બી'' નો માર્ક કંપનીના મોનોગ્રામ સાથે ''દરેક મીટરે'' ફરજીયાત લગાડવો.
* હેન્ડપંપ મરામત અને નિભાવણી માટે બુકલેટ/ મેન્યુઅલ રાખવુ.
* દુર્ગમ વિસ્તારનાં હેન્ડપંપને એપ્રિલથી જુન માસ દરમ્યાન રીપેરીંગની વધુ જરૂરીયાત રહેતી હોઈ ૪૮ કલાકમાં રીપેરીંગ થઈ જાય તે મુજબ ગોઠવણ કરવી.આ રીપેરીંગના સમય દરમ્યાન ગામમાંથી સ્થાનિક બસ મારફતે રોડ ટ્રાન્સપોર્ટ સાથે સંકલન કરી ગામમાંથી દરેક દિવસની ચીઠ્ઠી તાલુકા મથકે મંગાવી તેનું સંકલન કોમ્પ્યુટર મારફતે કરવુ.

ઉપરોક્ત સૂચનાઓનો અમલ તાત્કાલીક કરવાનો રહેશે.

આપનો વિશ્વાસુ

જે. પી. માંકડ

( જે. પી. માંકડ )

અધિક સચિવ અને મુખ્ય ઈજનેર

નર્મદા જળસંપતિ અને પાણી પુરવઠા વિભાગ

નકલ રવાના પ્રતિ :–

૧) માન.મંત્રીશ્રી(પા.પુ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૨) માન.રા.ક.મંત્રીશ્રી(પા.પુ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૩) મુખ્ય ઈજનેરશ્રી(પ્લાનીંગ),ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
૪) મુખ્ય ઈજનેરશ્રી(યાંત્રિક),ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
૫) મુખ્ય ઈજનેરશ્રી,ઝોન.–૧, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, વડોદરા.
૬) મુખ્ય ઈજનેરશ્રી,ઝોન–૨, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, અમદાવાદ.
૭) મુખ્ય ઈજનેરશ્રી,ઝોન–૩,ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, રાજકોટ.
૮) સિલેકટ/ નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ